સુવિચાર : જેનો 'સ્વભાવ' સારો હોય તેને કોઈના પર 'પ્રભાવ' પાડવાની જરૂર હોતી નથી... - એસ. ભટ્ટાચાર્ય

તાપમાન
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૮૧ | ૨૨ ડિસેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; માગશર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- જેટલીના રાજીનામાની માંગ કેન્દ્ર સરકારે ફગાવી
- જેટલીના આક્ષેપ આધાર વગરના છે : સોનિયા
- ચીન દ્વારા ૩ વર્ષમાં ૧૧૦૦ વખત ઘુસણખોરીના પ્રયાસો
- સંઘનુ નેટવર્ક સતત વધી રહ્યુ છે : ૩૯ દેશમાં શાખાઓ છે
- લાયસન્સ વિનાના ડ્રાઇવર વધુ દુર્ઘટના સર્જી રહ્યા છે : રિપોર્ટ
- જેડીયુ દ્વારા ૫ રાજ્યમાં ભાજપ વિરોધી મોરચા બનાવવાની તૈયારી
- રામ મંદિર મામલે દરમિયાનગીરી કરવાનું મોદીને સૂચન કરાયું
- બોલીવુડ સિન્ગર રેમો ફર્નાન્ડિસ સામે સમન્સ
- મિસ ફિલિપાઇન્સ પિયાના શિરે મિસ યુનિવર્સનો તાજ

# ઉત્તર ભારત ઠંડુગાર

**માઉન્ટ આબુમાં માઇનસમાં તાપમાન થયું : હિલસ્ટેશન માઉન્ટ આબુ ખાતે આવેલા પ્રવાસીઓ મુશ્કેલીમાં**
**રાજસ્થાનમાં શ્રેણીબદ્ધ ભાગોમાં લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી નીચે : હરિયાણાના નારનોલમાં ૧.૯ ડિગ્રી તાપમાન**



નવી દિલ્હી,તા.૨૧

સમગ્ર ઉત્તર ભારતમાં પણ કાતિક ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જયપુરથી પ્રાપ્ત એહવાલ મુજબ રાજસ્થાનમાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. માઉન્ટ આબુમાં માઈનસ એક ડિગ્રી તાપમાન નોંધાયું છે જે સામાન્ય કરતા છ ડિગ્રી ઓછું તાપમાન છે. રાજસ્થાનના એક માત્ર હિલસ્ટેશન ગણાતા માઉન્ટ આબુમાં કડાકાની ઠંડીના કારણે પ્રવાસીઓ પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. મેદાની ભાગો શિકરમાં ત્રણ ડિગ્રી તાપમાન અને ચુરુમાં ૩.૪ ડિગ્રી તાપમાન રહ્યું છે. નવેસરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવતીકાલ સુધી રાજસ્થાનમાં ત્રાટકે તેવી શક્યતા છે જેના પરિણામ સ્વરુપે કોલ્ડવેવની સ્થિતિથી લોકોને રાહત મળી શકે છે. આજે જગ્યાઓ ઉપર તાપમાન ચારથી પણ નીચે રહ્યું હતું તેમાં શ્રીગંગાનગર, ઉદયપુર, પિલાણી, બિકાનેરનો સમાવેશ થાય છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. સંબંધિત રાજ્યોમાં તાપમાન એક ડિગ્રી સુધી નીચે પહોંચી ગયું છે. કોલ્ડવેવની સ્થિતિના લીધે જનજીવન ખોરવાઈ ગયું છે. હરિયાણામાં નારનોલમાં લઘુત્તમ તાપમાન ૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# બજેટમાં સર્વિસ ટેક્સમાં બે ટકા વધારાની શક્યતા

નવી દિલ્હી,તા. ૨૧

વન રેન્ક વન પેન્શન પ્લાન અને સાતમા વેતન પંચની ભલામણને અમલી કરવાની તૈયારી ચાલી રહી છે ત્યારે કેન્દ્ર સરકાર હવે સર્વિસ ટેક્સને વર્તમાન ૧૪ ટકાથી વધારીને ૧૬ ટકા કરી શકે છે. સરકાર સર્વિસ ટેક્સમાં બે ટકાનો વધારો કરી શકે છે. મુખ્ય આર્થિક સલાહકાર અરવિન્દ સુબ્રમણ્યમે સુચિત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) વ્યવસ્થા હેઠળ સ્ટાન્ડર્ડ રેટ ૧૬.૯ ટકાથી ૧૮.૯ ટકા રાખવાની ભલામણ કરી છે. આવી સ્થિતીમાં નાણાં પ્રધાન અરૂણ જેટલી પાસે સર્વિસ ટેક્સને આગામી વર્ષે વર્તમાન ૧૪ ટકાથી વધારીને ૧૬ ટકા કરવાની તક રહેલી છે. જીએસટી વ્યવસ્થાને અમલી કરવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. મોટા પ્રમાણમાં રેવેન્યુ એકત્રિત કરવાની હિલચાલ

**સર્વિસ ટેક્સ રેટ ૧૪ ટકાથી વધારીને ૧૬ ટકા કરાય તેવી સંભાવના**

● અનુસંધાન પાન-૭ પર

# ડીડીસીએ વિવાદમાં કેજરીવાલ સામે માનહાનિનો કેસ દાખલ

**કેજરીવાલ, અન્યોના આક્ષેપ આધારવગરના હોવાનો દાવો કર્યો**
**માનહાનિ કેસમાં પાંચમી જાન્યુઆરીએ સુનાવણી**

નવી દિલ્હી,તા.૨૧

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ ડીડીસીએ વિવાદના મામલામાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને અન્યોની સામે પટિયાલા હાઉસ કોર્ટમાં અપરાધીક બદનક્ષીનો કેસ દાખલ કરી દીધો હતો. માનહાનિનો કેસ દાખલ કરીને જેટલીએ કહ્યું હતું કે, કેજરીવાલના આક્ષેપો બિલકુલ આધારવગરના છે. કેજરીવાલ અને અન્યો સામે મામલો દાખલ કરવામાં આવ્યા બાદ જેટલીએ કહ્યું હતું કે, તેઓએ ડીડીસીએ પાસેથી એક રૂપિયો પણ લીધો નથી. અપમાનજનક આક્ષેપો તેમના ઉપર મુકવામાં આવ્યા છે. જેટલીએ એએપીના નેતાઓ પાસે ડીડીસીએમાં ગેરરીતિ મુદ્દે તેમની સામે ખોટા આક્ષેપો કરવા બદલ ૧૦ કરોડ રૂપિયાની માંગ દાખલ કરવામાં આવી છે.

# નિર્ભયા કેસમાં સ્ટેનો સુપ્રીમનો ઈન્કાર

**દિલ્હી મહિલા પંચ દ્વારા કરવામાં આવેલી દલીલોને ફગાવાઈ : પ્રવર્તમાન કાયદા હેઠળ કોઇપણ કિશોર અપરાધીને ત્રણ વર્ષથી વધુ સમય સુધી અટકાયતમાં રાખી શકાય નહીં : દેશ માટે કાળો દિવસ છે : ડીસીડબલ્યુ**

નવી દિલ્હી,તા.૨૧

જોરદાર વિરોધ પ્રદર્શન અને ધાંધલ ધમાલ વચ્ચે સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૧૨ના કમકમાટીપૂર્ણ દિલ્હી ગેંગરેપ કેસમાં જુએનાઈલ અથવા તો કિશોર અપરાધીની મુક્તિ ઉપર સ્ટે મુકવાનો ઈન્કાર કર્યો હતો. સાથે સાથે અપરાધીની મુક્તિ સામે રજૂ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. ૨૦૧૨ના દિલ્હી ગેંગરેપ કેસના કિશોર અપરાધીને રવિવારના દિવસે મુક્ત કરી દેવામાં આવ્યો હતો ત્યારબાદ તેને એનજીઓમાં મોકલી દેવાયો હતો. જસ્ટિસ એકે ગોયલ, યુયુ લલિતની બનેલી વેકેશન બેંચે દિલ્હી કમિશન ફોર વુમન (ડીસીડબલ્યુ) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી દીધી હતી. આ અરજીમાં કિશોર અપરાધીની

● અનુસંધાન પાન-૭ પર

# કેશુભાઈ સાથે સંજય જોશીની મુલાકાત

અમદાવાદ, તા.૨૦

ભાજપના વરિષ્ઠ નેતા અને



એક વખતના નરેન્દ્ર મોદીના સૌથી નજીકના હરિફ સંજય જોશીએ આજે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સાથે વાતચીત કરી હતી. કેશુભાઈ પટેલને મળવા માટે તેઓ સીધીરીતે પહોંચી ગયા હતા. ત્યારબાદ સંજય જોશીએ બપોરનું ભોજન રાજ્યપાલ સાથે પણ લીધું હતું. મોડેથી અમદાવાદથી પરત રવાના થયા હતા. મુખ્યમંત્રી આનંદીબેન પટેલને મળવાની પણ સંજય જોશીની ઈચ્છા હતી પરંતુ મુખ્યમંત્રી નિર્ધારિત કાર્યક્રમોમાં વ્યસ્ત હતા જેથી આ વાતચીત શક્ય બની ન હતી. જો કે, સંજય જોશીએ ગઈકાલે આનંદીબેન પટેલ સાથે રિસેપ્શનમાં હાજરી આપી હતી. સંજય જોશી વિહિપના નેતા પ્રવિણ તોગડિયાના પુત્રના લગ્નમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. તેમનું ગઈકાલે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હાલમાં જ સંજય જોશીના પોસ્ટરોને લઈને ભારે વિવાદ રહ્યો હતો. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર વીએચપી, આરએસએસ અને ભાજપના કાર્યકર્તાઓ સંજય જોશીને આવકાર્યા હતા. જ્યારે મહેસાણા અને પાલનપુર રેલ્વે સ્ટેશન પર પણ ભાજપના કાર્યકરો, સંતો

● અનુસંધાન પાન-૭ પર




